વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,
ગાંધીનગરનું રીનોવેશન કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૫/૫૮૦૭૦/ન.બા.-૧૮/છ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ :- ૨૧/૪/૨૦૧૫.

વંચાણે લીધા:-

(૧) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૧/૧/૨૦૧૫નો પત્ર ક્ર-કમિ/અપગ/૨૦૧૫-૧૬/ન.બા./૫૫.

## ઠરાવ :-

વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે અગ્ર સચિવશ્રી કક્ષાના અધિકારી હોવા છતાં તેમના હોદ્દાને અનુરૂપ ચેમ્બર કે ફર્નિચર નથી,નાયબ કમિશ્નરશ્રીની ચેમ્બર પણ જીર્ણ અવસ્થામાં આવી ગયેલી છે, વિકલાંગ વ્યક્તિઓ માટેની સીવીલ કોર્ટ હોવા છતાં, કોર્ટ રૂમની વ્યવસ્થા નથી, અરજદારોને બેસવા માટેની જગ્યા કે વ્યવસ્થા નથી, અન્ય ફર્નિચર ઘણાં વર્ષો જૂનું છે તથા પાર્ટીશન દિવાલો વગેરે ઉધઈથી ખવાઈ ગયેલ છે, ચેમ્બરોના બારી-બારણાં જીર્ણ થઈ ગયેલ હોઈ, સંપૂર્ણ રીતે બંધ થઈ શકતા નથી, વગેરે કારણોસર ઉક્ત કચેરીએ કચેરીના ફર્નિચર તથા ચેમ્બરોના રીનોવેશન માટે ઉપર વંચાણે લીધેલ ક્રમ- (૧) સામેના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજુ કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

૨/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે ઉપર પેરા-(૧) માં દર્શાવ્યા મુજબની વિગતો ધ્યાને લેતાં, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરની કચેરીના રીનોવેશન માટે સુધારેલ રૂ.૩૦.૦૦ લાખની નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની વહીવટી મંજૂરી આપવામાં આવે છે :-

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૭) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) સરકારની પ્રવર્તમાન ખરીદીની નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬નાઠરાવ ક્ર-એસપીઓ/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.-૯૨, પેટા મુખ્ય સદર : ૦૨-સમાજ કલ્યાણ-ગૌણ સદર : ૧૦૧-વિકલાંગોનું કલ્યાણ-પેટા સદર : ૦૭-એસસીડબલ્યુ-૧૧-અશક્તતા આયુક્તની કચેરીની સ્થાપના-બાબત નં. : (૧૬)-વિકલાંગ કમિશ્નરશ્રી,ગાંધીનગરની કચેરીના નવીનીકરણ બાબત - સદરે કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૮/૪/૨૦૧૫ અંતિત નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.મોદી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ. સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અ.મુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ,સચિ.,ગાંધીનગર.

(૯) સર્વે શાખાઓ, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૦) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર. વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૧) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.